પ્રસાર ભારતી

સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

DATE : 26-01-2025 DAY:SUNDAY EVENING : 6.25 TO 6.30 PM

આકાશવાણી ભુજ સમાચાર **તૌફીક સમા** વાંચે છે.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સમગ્ર દેશમાં આજે 76મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર ત્રિરંગો ફરકાવ્યો હતો. આ વખતે પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તો વિશેષ મહેમાન બન્યા છે.

પરંપરા મુજબ, બંને રાષ્ટ્રપતિઓને ભારતીય સેનાની સૌથી વરિષ્ઠ રેજિમેન્ટ, 'રાષ્ટ્રપતિના અંગરક્ષક' દ્વારા કર્તવ્ય પથ પર લઈ જવાયા. બંને મહાનુભાવો પરંપરાગત ઘોડાગાડીમાં સવાર થઈ સમારોહ ખાતે પહોંચ્યાં હતાં. આગમન બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમનું સ્વાગત કર્યું.

સાંસ્કૃતિક મંત્રાલયના 300 કલાકારો સાથે વાદ્ય યંત્ર વગાડતા પરેડનો પ્રારંભ થયો. કલાકારોએ શહેનાઈ, નાદસ્વરમ્, મશક બીન, બાંસુરી, શંખ અને ઢોલ જેવા પરંપરાગત સંગીદ વાદ્યોની મદદથી 'સારે જહાં સે અચ્છા'ની પ્રસ્તુતિ કરી હતી. સમારોહમાં 152 સભ્યોવાળી ઇન્ડોનેશિયાની રાષ્ટ્રીય સશસ્ત્ર દળોની માર્ચિંગ ટુકડીઓ અને 190 સભ્યોવાળી ઇન્ડોનેશિયાની સૈન્ય અકાદમીના સૈન્ય બેન્ડ પણ પરેડમાં જોડાયું હતું.

રાજ્ય કક્ષાની - પ્રજાસત્તાક પર્વની ઉજવણી :

તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં 76મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાઇ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ત્રિરંગો ફરકાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી

ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ રાજ્યની કલા અને સંસ્કૃતિને પ્રસ્તુત કરતાં આકર્ષક ટેબ્લો રજૂ કરાયા હતા. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો, માર્ચ પાસ્ટ, ડોગ-અશ્વ શો સહિત જવાનોના અવનવા કરતબોએ પ્રેક્ષકોને અચંબિત કર્યા હતાં.

ગુજરાત પોલીસના 225 કલાકાર કર્મીઓએ હાલાર રાસ સહિતની અનેક કૃતિઓ રજૂ કરી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનારને રાજ્યપાલે ટ્રોફી આપી સન્માનિત કર્યા.

જીલ્લા કક્ષાની - પ્રજાસત્તાક પર્વની ઉજવણી

76 મા પ્રજાસત્તાક દિવસની જીલ્લા કક્ષાની ઉજવણી નખત્રાણા ખાતે કરવામાં આવી

બાઈટ (*દેશભરની સાથે આજે સરહદી કચ્છ જીલ્લામાં ૭૬માં પ્રજાસત્તાક દિનની આન બાન અને શાન સાથે જોશભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ પશ્ચિમ કચ્છમાં નખત્રાણા ખાતે યોજાયો હતો. જિલ્લા કલેકટર અમિત અરોરાએ રામાણી ગ્રાઉન્ડ ખાતે તિરંગો લહેરાવીને કચ્છની ખમીરવંતી પ્રજાને ગણતંત્ર દિનની શુભેચ્છાઓ આપી હતી.*

આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં કલેકટરે જણાવ્યું કે, કચ્છ જિલ્લો રાજ્યના વિકાસ મુગટમાં ધ્રુવ તારા સમાન ચમકી રહ્યો છે. વિકાસના રોલમોડેલ બનેલા ગુજરાતની વિકાસ યાત્રામાં કચ્છનું વિશેષ યોગદાન છે. હસ્તકલા, પ્રવાસન, ઉદ્યોગ, ખેતીવાડી સહિત અનેક ક્ષેત્રમાં કચ્છ જિલ્લો અગ્રેસર બન્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, એકસમયે દુષ્કાળનો જિલ્લો ગણાતો કચ્છ આજે ૧૦૦ ટકા નળ જોડાણ ધરાવતો જિલ્લો બન્યો છે. પિયતની સગવડના કારણે કચ્છે ખેતી ક્ષેત્રે પણ કાઠું કાઢયું છે. રાજ્ય સરકારના પ્રયાસોના કારણે કચ્છની બન્ની ભેંસ, ખારાઇ ઊંટ, કચ્છી-સિંધી અશ્વને અલગ ઓલાદ તરીકેની રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઇ છે. જેનાથી પશુઓની વેચાણ કિંમત વધતા માલધારીઓને આર્થિક ફાયદો થયો છે તેમ શ્રી અરોરાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે પરેડ નિરીક્ષણ કર્યુ હતું. ત્યારબાદ પરેડ કમાન્ડરની આગેવાની હેઠળ પોલીસ, હોમગાર્ડ, જીઆરડી તથા એનસીસીની પ્લાટુનોએ માર્ચ પાસ્ટ કરી હતી.

આ ઉજવણીમાં વિવિધ શાળાના બાળકો દ્વારા રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોએ દેશભક્તિનો અનેરો માહોલ સર્જ્યો હતો. પોલીસ ડૉગ શો, દેશભક્તિ ગીતો, અભિનય ગીતો, ફોજી નૃત્ય, સમૂહ નૃત્યની

પ્રસ્તૃતિના પગલે ઉપસ્થિત જનમેદનીમાં ઉત્સાહ અને રોમાંચનો માહોલ સર્જાયો હતો. આ સાથે વિવિધ વિભાગો દ્વારા સરકારની વિવિધ યોજનાની જાણકારી આપતા ટેબ્લો રજૂ કરાયા હતા.

આ પ્રસંગે જિલ્લાના ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ, જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ

)

એક અગત્ય ની જાહેરાત

76 મા પ્રજાસત્તાક પર્વ ની જીલ્લા કક્ષાની ઉજવણી નખત્રાણા ખાતે થયેલી. જીલ્લા કક્ષાની ઊજવણી ને આવરી લેતો રેડીયો અહેવાલ આજે રાત્રે ૮ વાગ્યે આકાશવાણી ના ભુજ કેન્દ્ર પરથી પ્રસારિત કરાશે.

અગત્ય ની જાહેરાત પૂરી થઇ

પ્રજાસત્તાક પર્વની વિવિધ સ્થળે ઉજવણી :

પ્રજાસત્તાક પર્વની જીલ્લા માં તમામ ગામો,શહેરોમાં,શાળા,કોલેજો,

સરકારી કચેરીઓ, તથા વિવિધ સામજિક સંસ્થાઓમાં આજે ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી

પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે કચ્છના માધાપર ગામના કારીગર આશિષ કંસારાએ ભારતના રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભની અનોખી કલાકૃતિનું સર્જન કર્યું છે. 400 વર્ષ જૂની પરંપરાગત રોગાન કળાનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલી આ કલાકૃતિ 5 ફૂટ લંબાઈ અને 3.5 ફૂટ પહોળાઈ ધરાવે છે.

આકાશવાણી ભુજના પ્રાંગણમાં ટેકનિકલ વિભાગના પ્રભારી નિગમ ઉપાધ્યાયના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. સ્ટેશન નિયામક જયેશ રાવલ, પૂર્વ નિયામક જયંતિભાઇ જોશી સહિત આકાશવાણી ભુજના કર્મચારી ગણ ધ્વજવંદન ના કાર્યક્રમમાં સામેલ થયા હતા.

પૂર્વ કચ્છ પોલીસ પરિવાર દ્વારા પ્રજાસત્તાક પર્વની ગાંધીધામ ખાતે ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસગે પૂર્વ કચ્છ જીલ્લા નાયબ પોલીસવડાએ ધ્વજવંદન કર્યું.તમામ અધિકારી કર્મચારીઓને શુભેચ્છા પાઠવવા માં આવી હતી